04-04-2024 Evening: 7.50 to 8.00

THURSDAY National News

---

- લોકસભાની 12 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની 88 બેઠકોની આગામી 26મી એપ્રિલે યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાનો આજે છેલ્લો દિવસ.
- ભારતીય જનતા પાર્ટીના અગ્રણી નેતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે એનડીએ સરકાર ભારતને વિકસિત દેશ બનાવવા માટે તમામ પ્રયાસો કરી રહી છે.
- કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી અને કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ સહિત 12 જેટલા સંસદ સભ્યોએ રાજ્યસભાના સાંસદ તરીકે શપથ લીધા.
- માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટીએ આજે લોકસભા ચૂંટણી માટે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો.
- ચૂંટણી પંચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપ પર મૂકવામાં આવેલા સરકારી કર્મચારીઓના મતદાન અંગેના સંદેશાને અસત્ય ગણાવ્યો છે.

.....................................................................................

## second phase

લોકસભાની 12 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની 88 બેઠકોની આગામી 26મી એપ્રિલે યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાનો આજે છેલ્લો દિવસ હતો, આવતીકાલે તેમની ચકાસણી થશે.
જોકે જમ્મુ અને કાશ્મીરની બેઠક માટેના ઉમેદવારીપત્રોની ચકાસણી છઠ્ઠી એપ્રિલે હાથ ધરાશે. 26મી એપ્રિલે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણીમાં કેરળની લોકસભાની 22, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની દરેકની આઠ આઠ, મધ્યપ્રદેશની સાત, આસામ અને બિહારની દરેકની પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમા 3-3 જ્યારે મણિપુર, ત્રિપુરા અને જમ્મુ કાશ્મીરની દરેકની એક બેઠકની ચૂંટણી યોજાશે. મતગણતરી આગામી ચોથી જૂને હાથ ધરાશે.

## UP-2ND PHASE NOMINATIONS

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારીપત્રો ભરવાના છેલ્લા દિવસે ભાજપના સાંસદ હેમા માલિનીએ મથુરા લોકસભા બેઠક પરથી ઉમેદવારી પત્ર ભર્યું. 2014 અને 2019ની સામાન્ય ચૂંટણીમાં મથુરાથી સાંસદ તરીકે ચૂંટાયેલા માલિનીને સતત ત્રીજી વખત ભાજપના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.
ઉમેદવારી પત્ર ભરતી વખતે રાજ્યના જળ શક્તિ મંત્રી સ્વતંત્ર દેવ સિંહ પણ હાજર હતા. કોંગ્રેસ તરફથી મુકેશ ધનગર અને બસપા તરફથી સુરેશ સિંહ આ સીટ માટે ઉમેદવારી નોંધાવી ચૂક્યા છે. મેરઠમાં સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે ત્રીજી વખત ઉમેદવાર બદલ્યો અને અતુલ પ્રધાનની જગ્યાએ પૂર્વ મેયર સુનીતા વર્માને ટિકિટ આપી.
આ સીટ માટે બીજેપી ઉમેદવાર અરુણ ગોવિલ અને બીએસપીના ઉમેદવાર દેવવ્રત ત્યાગી પહેલાથી જ ઉમેદવારી નોંધાવી ચૂક્યા છે. ઉત્તર પ્રદેશમાં આઠ સંસદીય મતવિસ્તારો- અમોહા, મેરઠ, બાગપત, ગાઝિયાબાદ, ગૌતમબુદ્ધ નગર, બુલંદશહર (SC), અલીગઢ અને મથુરામાં 26મી એપ્રિલે લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં મતદાન થશે.

## FUR.-REV.-PM-BIHAR-RALLY

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે એનડીએ સરકાર ભારતને વિકસિત દેશ બનાવવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. બિહારના જમુઈમાં એક ચૂંટણી રેલીમાં શ્રી મોદીએ કહ્યું કે 2024ની લોકસભા ચૂંટણી ભારતના વિકાસ માટે યોજાઈ રહી છે. તેમણે કહ્યું કે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર અવકાશયાન સફળતાપૂર્વક ઉતરાણ કરનાર ભારત પહેલો દેશ બન્યો છે. તેમણે કહ્યું કે ભારત હવે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે.

પ્રધાનમંત્રીએ દાવો કર્યો કે NDA સરકારે અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ કરીને ભક્તોનું 500 વર્ષનું સપનું પૂરું કર્યું છે. તેમણે કહ્યું કે બિહારના લોકો લાંબા સમયથી જનનાયક કર્પૂરી ઠાકુરને સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન આપવાની માંગ કરી રહ્યા હતા અને એનડીએ સરકારે આ માંગ પૂરી કરી છે.

પ્રધાનમંત્રી જમુઈથી લોક જનશક્તિ પાર્ટી-રામ વિલાસના ઉમેદવાર અરુણ ભારતી માટે પ્રચાર કરી રહ્યા હતા. આ અવસરે જનતા દળ યુનાઈટેડના પ્રમુખ અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર, બીજેપી નેતા સમ્રાટ ચૌધરી, વિજય કુમાર સિંહા, લોક જનશક્તિ પાર્ટી-રામ વિલાસના પ્રમુખ ચિરાગ પાસવાન, રાષ્ટ્રીય લોક મોરચાના પ્રમુખ ઉપેન્દ્ર કુશવાહ અને હિન્દુસ્તાની અવમ મોરચાના નેતાઓ પણ હાજર હતા.

## FUR.-REV.-PREZ---MUMBAI-VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે મુંબઈમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, IIT બોમ્બે ખાતે ભારતની પ્રથમ સ્વદેશી CAR-T થેરાપી રાષ્ટ્રને સમર્પિત કરી છે.

આ પ્રસંગે રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે આ સારવાર, 'CAR-T સેલ થેરાપી' સુલભ અને સસ્તી છે. સમગ્ર માનવજાત માટે નવી આશા પૂરી પાડે છે. તેમણે આશા વ્યક્ત કરી કે ભારતની પ્રથમ જીન થેરાપી અસંખ્ય દર્દીઓને નવું જીવન આપવામાં સફળ રહેશે.

નેક્સોન CAR-19 CAR-T થેરાપી એ ભારતની પ્રથમ સ્વદેશી ઉપચાર પધ્ધતિ છે. વિશ્વની સૌથી સસ્તું ઉપચાર હોવાને કારણે, તે દેશને અદ્યતન સેલ અને જીન થેરાપીના વૈશ્વિક નકશા પર મૂકે છે. મહારાષ્ટ્રના ગવર્નર રમેશ બૈસે જણાવ્યું હતું કે CAR-T સેલ થેરાપી માત્ર વૃદ્ધ કેન્સરના દર્દીઓ માટે જ નહીં, પરંતુ બાળકોના કેન્સરના દર્દીઓ માટે મહત્ત્વપૂર્ણ રીતે વરદાન સાબિત થશે.

## REV.-SONIA-GANDHI--RS-OATH

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી અને કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે રાજ્યસભાના સાંસદ તરીકે શપથ લીધા હતા. રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે તેમને શપથ લેવડાવ્યા હતા.

12 અન્ય નવા ચૂંટાયેલા રાજ્યસભા સાંસદોએ પણ શપથ લીધા. જેમાં ભારતીય જનતા પાર્ટીના આરપીએન સિંહ, જનતા દળ યુનાઈટેડના સંજય કુમાર ઝા અને કોંગ્રેસના અજય માકનનો સમાવેશ થાય છે..

## CPIM-MANIFESTO

માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટીએ આજે લોકસભા ચૂંટણી માટે તેનો ઢંઢેરો જાહેર કર્યો. પાર્ટીના મહાસચિવ સીતારામ યેચુરી, પોલિટબ્યુરોના સભ્યો પ્રકાશ કરાત, બ્રિન્દા કરાત, નીલોત્પા એલ બાસુ અને તપન સેને નવી દિલ્હીમાં ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો. પાર્ટીએ શ્રીમંત વર્ગ પર કર લાદવાનું વચન આપ્યું છે, વારસાગત કર અને સામાન્ય સંપત્તિ કર પર કાયદો ઘડવો અને ખાનગી ક્ષેત્રમાં અનામત પર પ્રતિબંધ મૂકવો, ચૂંટણીઓ માટે સરકારી ભંડોળ એકત્ર કરવું અને રાજકીય પક્ષોને કોર્પોરેટ દાન આપવાનું વચન આપ્યું છે.

પાર્ટીએ ચૂંટણી ઢંઢેરામાં કહ્યું છે કે તે કામ કરવાના અધિકારને બંધારણીય અધિકાર બનાવવા માટે પ્રતિબદ્ધ છે. પક્ષએ ગેરકાનૂની પ્રવૃતિઓ નિવારણ અધિનિયમ અને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટને પણ રદ કરવાનું વચન આપ્યું છે.

આ પ્રસંગે શ્રી યેચુરીએ કહ્યું કે, પક્ષ દેશમાં લોકશાહી અને ધર્મનિરપેક્ષતાને વધુ મજબૂત કરશે. તેમણે લોકોને શાસક ભાજપ અને તેના સાથી પક્ષોને હરાવવા વિનંતી કરી, જેથી કેન્દ્રમાં નવી સરકાર રચી શકાય..

## International Day for Mine Awareness

આજે આંતરરાષ્ટ્રીય ખાણ જાગૃતિ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. દર વર્ષે આજના દિવસે જમીન ખાણો સંબંધિત પ્રવૃત્તિઓ, માનવતા માટે તેમના જોખમો અને તેનાથી બચવાના ઉપાયો વિશે જાગૃતિ ફેલાવવા માટે ઉજવવામાં આવે છે.

આ વખતે આંતરરાષ્ટ્રીય ખાણ જાગૃતિ દિવસની વિષયવસ્તુ છે – જીવન સંરક્ષણ, શાંતિ નિર્માણ. દર વર્ષે આ દિવસે સંયુક્ત રાષ્ટ્રના સમર્થન સાથે વિવિધ સંસ્થાઓ ખાણો અને વિસ્ફોટકો દ્વારા ઉભા થતા જોખમોને ઘટાડવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે.

## ELECTION- SPECIAL STORY

કેન્દ્રિય ચૂંટણીપંચે દિવ્યાંગ અને 85 વર્ષથી વધુ વરિષ્ઠ નાગરિકોને મતદાનમાં સરળતા રહે તે માટે વોટ ફ્રોમ હોમ એટલે કે, પોતાના નિવાસ્થાનથી મતદાનની સુવિધા આપતી પહેલ શરૂ કરી છે. અમારા સંવાદદાતા જણાવે છે કે, આશરે 82 લાખ વરિષ્ઠ નાગરિકો અને 88 લાખ દિવ્યાંગ નાગરિકો આ સુવિધાનો લાભ મેળવી શકશે. આ સુવિધા હેઠળ બે ચૂંટણી અધિકારીઓ અને વિડિયોગ્રાફર તેમજ સલામતીદળોની બનેલી ટીમ ઘરેથી મતદાન કરાવવા સંબંધિત મતદારોનો સંપર્ક કરશે. આ ઉપરાંત સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને સરળ બનાવવા ચૂંટણીપંચે સક્ષમ એપ શરૂ કરી છે. જેમાં મતદારોને નોંધણી માટે સહાય, મતદાનમથકે સુવિધાઓ, મતદાન અંગે માર્ગદર્શન જેવી માહીતી મળી રહે છે..

## ECI- FAKE MESSAGE

ચૂંટણી પંચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપ પર મૂકવામાં આવેલા સરકારી કર્મચારીઓના મતદાન અંગેના સંદેશાને અસત્ય ગણાવ્યો છે. આ સંદેશામાં સરકારી કર્મચારીઓ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરી શકતા નથી. એવી વિગતો આપવામાં આવી છે.

ચૂંટણીપંચે સ્પષ્ટતા કરી છે કે, ચૂંટણી ફરજ બજાવતા અને પાત્રતા ધરાવતા અધિકારીઓ નિર્ધારિત મતદાન સુવિધા કેન્દ્રો પરથી પોસ્ટલ બેલેટ વડે મતદાન કરી શકે છે. ચૂંટણીપંચે લોકોને આ પ્રકારની ગેરમાર્ગે દોરનાર સંદેશાઓથી સાવચેત રહેવા જણાવ્યું છે અને અધિકૃત માહિતી માટે નાગરિકોને ચૂંટણીપંચની સત્તાવાર વેબસાઈટની મુલાકાત લેવાનો નિર્દેશ આપ્યો છે..

## VP-STUDENTS

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ નવી દિલ્હીમાં સંસદ ભવનમાં ધોલપુર રાષ્ટ્રીય સેના શાળાના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ વિદ્યાર્થીઓ રાજ્યસભા દ્વારા આયોજિત ત્રણ દિવસીય અભ્યાસ પ્રવાસ કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે..

## BJP-MANIFESTO-MEETING

ભાજપની ચૂંટણી ઢંઢેરા સમિતિની બેઠક નવી દિલ્હીમાં પાર્ટીના મુખ્યાલયમાં ચાલી રહી છે. આ સમિતિ આગામી લોકસભા ચૂંટણી માટે પાર્ટીના ચૂંટણી ઢંઢેરાને અંતિમ સ્વરૂપ આપશે. ભાજપના વરિષ્ઠ નેતા રાજનાથ સિંહની અધ્યક્ષતામાં 27 સભ્યોની સમિતિની આ બીજી બેઠક છે. આ બેઠકમાં પાર્ટીના વરિષ્ઠ નેતાઓ નિર્મલા સીતારમણ, અશ્વિની વૈષ્ણવ, કિરેન રિજિજુ અને અન્ય પણ હાજર છે.

કોંગ્રેસ આવતીકાલે લોકસભા ચૂંટણી માટે તેનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરશે. પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી તેને જાહેર કરશે.

## NT. IPL

ભારતીય પ્રિમિયમ લીગમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મેચ શરૂ થઈ છે. જેમાં પંજાબ કિંગ્સે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનું પસંદ કર્યું છે.

અમને હમણા મળતા સમાચાર અનુસાર ગુજરાત ટાઇટન્સના 1 વિકેટે 4 ઓવરમા 35 રન થયા છે.

## CBDT- ITRs

કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડ (CBDT) એ કરદાતાઓને આકારણી વર્ષ 2024-25 માટે તેમના આવકવેરા રિટર્ન આ મહિનાની પહેલી તારીખથી ફાઇલ કરવાની સુવિધા આપી છે. આવકવેરા રિટર્ન માટે વ્યક્તિગત કરદાતા દ્વારા ફાઇલ કરાતા ITR-1, ITR-2 અને ITR-4, ઈ-ફાઈલિંગ પોર્ટલ પર આ મહિનાની પહેલી તારીખથી ઉપલબ્ધ છે.

કંપનીઓ પણ ITR-6 દ્વારા તેમના રિટર્ન ફાઇલ કરી શકે છે. CBDTની યાદીમાં જણાવ્યું છે કે આકારણી વર્ષ 2024-25 માટે આજ દિન સુધીમાં લગભગ 23 હજાર ITR અત્યાર સુધીમાં ફાઇલ કરી દેવામાં આવ્યા છે. ITR 3, 5 અને 7 ફાઇલ કરવાની સુવિધા ટૂંક સમયમાં ઉપલબ્ધ કરવામાં આવશે. આવકવેરા વિભાગે નવા નાણાકીય વર્ષના પ્રથમ દિવસથી કરદાતાઓ પોતાના આવકવેરા રિટર્ન સરળતાથી ફાઇલ કરી શકે તેવી સુવિધા પ્રથમવાર ઉપલબ્ધ કરાવી છે.